# સ્ત્રીરોગ અને હોમીયોપથી (૨)

**Amenorrhoea માસિક નહીં આવવું**


સામાન્ય રીતે દરેક સ્ત્રીના જીવનમાં Puberty (ઉંમર ૯ થી ૧૫ વર્ષ)થી Menopause (ઉંમર ૪૫ થી ૫૦ વર્ષ) સુધી દર મહિને (લગભગ ૨૮ દિવસના અંતરે) ગર્ભાશયમાંથી રક્તસ્રાવ થાય છે જેને Menstruation કહેવાય છે. Menstruation (માસિક ધર્મ) એ સ્ત્રી જીવનની અત્યંત સ્વાભાવિક ઘટના છે અને પ્રજનન કાર્ય (Pregnancy) માટે અત્યંત જરૂરી છે. માસિક ધર્મ ન આવે તે ઘટનાને એમેનોરીયા (Amenorrhea) કહે છે. Puberty પહેલા, menopause પછી, Pregnancy દરમ્યાન અને બાળકના જન્મપછી ધાત્રી માતાઓમાં (Lactation) Amenorrhea નોર્મલ (Normal) ગણાય છે. પરંતુ કોઈપણ યુવતીમાં ૧૬ વર્ષની ઉંમર પછી પણ માસિક ધર્મની શરૂઆત ન થાય અથવા નિયમિત થોડા મહિના માસિક આવ્યા પછી આવતું બંધ થઈ જાય તો આવા Amenorrheaની સારવાર જરૂરી છે.

Amenorrhea ના કારણો વિશે જાણતા પહેલા સંક્ષિપ્તમાં માસિક ધર્મ કેવી રીતે આવે છે એ જાણવું ખૂબ જરૂરી છે. આપણા શરીરમાં Hypothalamus (હાઈપોથેલેમસ), Pituitary (પીટ્યુટરી), Ovary (ઓવરી) વગેરે ગ્રંથીઓમાંથી થતા સ્રાવની અસર ગર્ભાશયની દિવાલ ઉપર થાય અને એને પરિણામે દર મહિને ગર્ભાશયમાંથી રક્તસ્રાવ થાય છે.

Hypothalamus માંથી અમુક પ્રકારના hormone Pituitary પર અસર કરે એમાંથી બીજા Hormone secrete કરાવે છે જેની અસર ગર્ભાશયની બન્ને બાજુએ આવેલી ગ્રંથી Ovary (અંડાશય, ઓવરી) ઉપર થાય છે જેને લીધે Ovary માંથી ગર્ભાશય (uterus)ની દિવાલ ઉપર અસર કરે છે અને ત્યાં માસીકના પહેલાં ૧૪ દિવસમાં ત્યાં એક આવરણ (layer) બનાવે છે, ૧૪ દિવસે Ovary માંથી સ્ત્રીબીજ બહાર પડે છે ત્યાર પછી Ovary માંથી Progesterone (પ્રોજેસ્ટોરોન) hormone નીકળે છે જે ગર્ભાશયની જાડી થઈ ગયેલી દીવાલના આવરણ (Layer)માં રસ ભરે છે. લગભગ ૨૮મે દિવસો ગર્ભાશયની દિવાલ (endometrium) પરનું આવરણ તૂટી જાય છે અને રક્તસ્રાવ (Menstruation)માં પરીણમે છે.

**લક્ષણો :-** સૌથી મુખ્ય છે માસિક નહીં આવવું. Amenorrheaના કારણો મુજબ બીજા લક્ષણો જોવા મળે છે, દા.ત. શરીરનું વજન વધવું, પેટનો ભાગ મોટો થઈ જવો, વાળ ઉતરવા, માથું દુખવું, મોઢા પર વાળ ઉગવા, જોવામાં તકલીફ થવી, ગેસ/કબજિયાત થવી, સ્તનમાંથી દૂધ નીકળવું, સ્વભાવ ચિડીયો થઈ જવો અથવા ઉદાસી લાગવી વગેરે.

**કારણો :-** એ બધા કારણો જેમાં ખાસ કરીને hypothalamus, Pituitary gland, Ovaryના hormones disturb થાય. Amenorrhea



સામાન્ય રીતે જોવા મળે છે - Pregnancy વખતે, Breast feeding વખતે અને Menopause વખતે જેને માટે દવા નથી કરવાની હોતી. બીજા કારણોમાં - જે બહેનો contraceptive birth control pills લેતી હોય તેમને પણ pills બંધ કરે ત્યાં સુધી માસીક નથી આવતું; અમુક પ્રકારની દવાઓથી પણ માસીક આવતું બંધ થાય છે, જેમાં Anti psychotics, cancer chemotherapy, Antidepressants, Blood Pressureની દવાઓનો સમાવેશ થાય છે.

જીવનશૈલી (Lifestyle) પણ અમુક સમયે amenorrhoeaની પરિસ્થિતિનું નિર્માણ કરી શકે છે. દા.ત., માનસિક તાણ (stress), વધુ પડતી કસરત (exercise); એવા ઘણા તબીબી કારણો અથવા માંદગીઓ છે જેનાથી amenorrhea થઈ શકે છે. દા.ત. Pcos (Polycystic Overy syndrome) (POCS), thyroid malfunction, premature menopause, pituitary tumors.

Cesarean Section (C-section), dilation & curettage (D&C), Uterine fibroid (ગર્ભાશયની ગાંઠ) વગેરે ઓપરેશન કરતી વખતે ગર્ભાશયને અંદરથી નુકસાન થઈ શકે છે જેને લીધે Amenorrhea થાય છે.

કોઈક વખત જન્મજાત ખામીને કારણે સ્ત્રીમાં પ્રજનન અંગ (Uterus, cervix, vagina) નો વિકાસ નહીં થાય જેને કારણે amenorrhea રહે. amenorrhea વારસાગત હોઈ શકે છે.

Amenorrheaને કારણે ગર્ભધારણ (Pregancy) કરવામાં તકલીફ થઈ શકે (Infertility/Sterility) અને હાડકા પોચા (Osteoporosis) થઈ શકે છે.

**નિદાન :-** કરવા માટે Medical history, શારીરિક તપાસ ખાસ કરીને પ્રજનન અંગોની, સ્તનની, લોહી તપાસ - Pregnancy test, thyrod function test, Ovary function test, male hormone test, ultrasound, CT Scan, MRI, Hystero scopy.

**સારવાર :-** Allopathy (Modern Medicine) માં Amenorrheaની સારવાર માટે એનું કારણ જાણવું બહુ જરૂરી છે, અને તો જ સારવાર આપવી શક્ય છે. અમુક બહેનોમાં Contraceptive birth control pillsથી માસિક આવી જાય છે.

Homeopathyમાં Amenorrheaની સારવાર માટે એનું કારણ જાણવું એટલું જરૂરી નથી જેટલું Allopathyમાં છે, Homeopathyમાં એટલું જ કારણ જાણવું જરૂરી છે કે જેમાં શસ્ત્રક્રિયા (Surgery)ની જરૂર હોય અથવા શારીરિક પ્રજનન અંગોની ખામી હોય અથવા એનો વિકાસ નહીં થયો હોય. બીજા બધા કારણોમાં હોમીયોપેથીક સારવાર દર્દીને ચોક્કસ મદદ કરે છે. હમણા એક બહેન આવી જેને છેલ્લા પાંચ વર્ષથી માસીક આવ્યું નથી અને Allopathic બધી સારવાર કરી લીધી છે એને કારણ બતાવ્યું છે. PCOS, એ બહેનને એની આડ અસરમાં મોઢાં ઉપર વાળ ઉગવા, શરીરનું વજન વધવું, depression વગેરે પણ છે. આવી તકલીફ વાળી બહેનો જો ધીરજ રાખે અને સારવાર કરે તો એનું માસિક પાછું આવી શકે અને ગર્ભધારણ (Pregnancy) કરી શકે. સામાન્ય સંજોગોમાં આવી બહેનોએ બે થી ત્રણ વર્ષ દવા કરવી પડે.

હોમીયોપથીમાં નિદાનની બધી તપાસના results જાણવા જરૂરી હોય છે. એટલે બહેનોએ પોતાના તબીબ પાસેથી એ લઈ પાસે રાખવા.

હોમીયોપેથીક સારવાર કરવા માટે દર્દીની સંપૂર્ણ માહિતી બહુ જ જરૂરી હોય છે જેમાં - હાલની બધી તકલીફો અને એની સંપૂર્ણ માહિતી; ભૂતકાળની બધી તકલીફો અને માંદગીઓની સંપૂર્ણ માહિતી; વારસાગત રોગોની માહિતી; હાલની અને પહેલાંની માનસિક સ્થિતિ, બીજી જરૂરી શારીરિક માહિતી. આ બધી માહિતીઓને હોમીયોપેથ ઝીણવટથી તપાસશે અને દર્દીની પ્રકૃતિ વિશે સમજણ લેશે ત્યાર પછી પ્રકૃતિ (constitution)ને અનુરૂપ હોમિયોપેથીક દવા અપાય છે જે દર્દીને રોગમાંથી બહાર કાઢવામાં મદદ કરશે. દરેક વાર Followup માં દર્દીએ જાતે મળવું જરૂરી છે. જેથી હોમીયોપેથ બરાબર સમજી શકે કે દવાની અસર કેવી થાય છે અને એમાં શું ફેરફાર કરવા જેવા છે. આમ સ્ત્રીરોગોમાં હોમીયોપેથી સારવાર ઘણા સારા પરીણામ આપે છે, જરૂર છે ધીરજની, ખંતની અને હોમીયોપેથ કહે એટલો સમય દવા કરવાની.



Homoeopathic Practitioners
**Akshay Banker**
M.D.[Homeopathy]
**Faculty -** Ontario College of Homeopathic Medicine
Ex Principal, Professor [India]
**Nina Banker** MD (Homeopathy)
Ex Professor [Surat, India]
**Mobile #:** 647 868 4340
**Mobile #:** 647 773 3074
Email : homeopathakshay@gmail.com
**Mississauga Clinic:** 93, Dundas St. E. Suite # 107, Mississauga, ON. L5A 1W7. [Hurontario + Dundas] [Monday, Thursday, Friday - 10 to 5]
**Brampton Clinic:** 134 Queen St. E., Brampton, ON. L6V 1B2. [Queen and Centre Street] [Tuesday, Saturday 10 to 5]
**Scarborough Clinic:** 2761, Markham road, Aum Beauty Clinic, ON. M1X 1M4 [Markham road + Nashdene] [Wednesday 4 pm to 7 pm]